# BUSINESS મિત્ર

**સોના-ચાંદીને નહીં ખરીદવાના મોદીના નિવેદનથી જવેલરી શેરોના ભાવોમાં કડાકો, નિફ્ટી 23850ની નીચે**

# ઇરાનના પ્રતિસાદને ટ્રમ્પે નકારતા શેરબજારમાં ભારે કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 11:** ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ પ્રસ્તાવ પર ઈરાનના પ્રતિસાદને ડોનાલ્ડ ટ્રમ્પે નકારી કાઢી હતી, જેના પરિણામે વૈશ્વિક બજારો સહિત ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો હતો, એટલું જ નહીં, રૂપિયો 95 ડોલરની સપાટી કુદાવતા રૂપિયો નબળો પડ્યો હતો. ખાસ કરીને એસબીઆઈ, એચડીએફસી બેન્ક તથા રિલાયન્સની આગેવાની હેઠળ શેરબજારમાં કડાકો બોલાયો હતો. જેના લીધે રોકાણકારોને પાંચ લાખ રૂપિયાથી વધુનું નુકશાન થયું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોએ પેટ્રોલ-ડિઝલના વપરાશમાં નિયંત્રણ કરવું જોઇએ અને બને તો વર્ક ફ્રોમ હોમ કરવું જોઈએ. એટલું જ નહીં, વિદેશી હુંડીયામણનો વપરાશ ઘટાડવા પર ભાર મુક્યો છે. એટલું જ નહીં, સોના-ચાંદીની એક વર્ષ ખરીદીથી દૂર રહેવા પણ જણાવ્યું છે.

આ અહેવાલના પગલે ભારતીય શેરબજારમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું અને નિફ્ટીએ 23850 પોઈન્ટની સપાટી તોડી હતી. જ્યારે સેન્સેક્સ 76000 પોઈન્ટની સપાટી જાળવી રાખી હતી. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. જેના લીધે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ ભારે ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ટ્રમ્પે અમેરિકન શાંતિ પ્રસ્તાવ પર ઈરાનના પ્રતિસાદને સંપુર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યા પછી જુલાઇ 2026ના સમાધાન માટે બ્રેન્ટ ક્રુડ અડી ડોલર વધીને 103 ડોલરની ઉપર બંધ રહ્યા હતા. જેના લીધે ફરી એકવાર ડોલર ઉછળ્યો હતો અને 95ની ઉપર બંધ રહેવામાં સફળ થયો હતો, આમ, ક્રુડ ઓઈલના ભાવ ઉછળતા અને રૂપિયો નબળો પડતા શેરબજારનું સેન્ટિમેન્ટ વધુ તૂટયું હતું. બીએસઈ સેન્સેક્સ 1312.91 પોઈન્ટ એટલે કે 1.7 ટકા તૂટીને 76000 પોઈન્ટની સપાટીએ પહોંચીને 76015.28 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76678 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76000 પોઈન્ટની સપાટી તોડીને 75957 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 360.30 પોઈન્ટ એટલે કે 1.499 ટકા ઘટીને 23850 પોઈન્ટની સપાટી તોડીને 23815.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23997 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23800 પોઈન્ટની સપાટી તોડીને 23799 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 870.65 પોઈન્ટ એટલે કે 1.57 ટકા ઘટીને 54439.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે વી ગાર્ડ ઈન્ડ.માં 24.37 ગણા, જેબીએમ ઓટોમાં 9.77 ગણા, અપોલો હોસ્પિટલમાં 8.47 ગણા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટમાં 7.29 ગમા અને ટાટા કન્ઝયુમરમાં 6.14 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સીઈ ઈન્ફોમાં 43.94 ગણા, નીવા બુપા હેલ્થ ઈન્સ્યોરેન્સમાં 39 ગણા, એફલ થ્રીઆઈ લિ.માં 24.92 ગણા, જેબીએમ ઓટોમાં 10.64 ગણા અને ટાટા કન્ઝયુમરમાં 9.08 ગણા કામકાજ નોંધાયા છે. નિફ્ટી કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ 2.66 ટકા ઘટ્યા હતા. જેમાં કલ્યાણ જવેલર્સ, ટાઇટન કંપની, વ્હર્લપુલ ઈન્ડિયા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, અંબર એન્ટર, હેવલ્સ ઈન્ડિયા, બ્લુસ્ટાર, બાટા ઈન્ડિયા, વોલ્ટાસ અને ક્રોમ્પ્ટ્રોન ગ્રીવ્સ ઘટ્યા હતા. યુએસ અને ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘટોમાં નવીનતમ મડાઘાંટને રોકાણકારો પચાવી રહ્યા હોવાથી યુરોપિયન બજારો મિશ્ર રહ્યા હતા. જોકે, ક્રુડ ઓઈલના ભાવ ઉછળતા યુએશ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

ચીનનો વાર્ષિક ફુગાવો માર્ચમાં એક ટકાથી વધીને એપ્રિલ 2026માં 1.2 ટકા થયો હતો, જે 0.8 ટકાના બજારના અંદાજને વટાવી રહ્યો હતો, જે ઉચ્ચ પરિવહન, આરોગ્ય અને શિક્ષણ ખર્ચને કારણે ઉચ્ચ ઉર્જાના ભાવો અને મીડલ ઈસ્ટની આગેવાની હેઠળના સપ્લાય ચેઈન વિક્ષેપ વચ્ચે ચાલે છે. ટ્રમ્પે પ્રસ્તાવ નકારી કાઢતા લાંબા સમય સુધી મીડલ ઈસ્ટના સંઘર્ષ અંગે ચિંતા વધી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.03 ટકા, કેક 1.23 ટકા અને ડેક્સ 0.72 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.38 ટકા, જકાર્તા 0.92 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં સ્ટ્રેઈટસ 0.42 ટકા, હેંગસેંગ 0.06 ટકા, તાઈવાન 0.45 ટકા, કોસ્પી 4.15 ટકા અને શાંઘાઇ 1.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો નબળો પડ્યો, 95.31ના સ્તરે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 11:** ઇરાનના પ્રતિસાદને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નકારી કાઢતા ક્રુડના ભાવમાં ઝડપી ઉછાળો થયો હતો, ઇરાન-અમેરિકાની વચ્ચે તણાવ વધવાના કારણે ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી અને રૂપિયો ફરી એકવાર નબળો પડીને 95ની ઉપર પહોંચી ગયો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 83 પૈસા નબળો પડીને 95.31ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.48ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 112.12, પાઉન્ડ 128.79, કેનેડિયન ડોલર 68.56, ઓસ્ટ્રેલિયન ડોલર 68.62, જાપાનીઝ યેન 0.6066 અને સીંગાપોર ડોલર 75.04ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.31 રૂ. |
| યુરો | 112.12 રૂ. |
| પાઉન્ડ | 128.79 રૂ. |
| યેન | 0.6066 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1312.91 | 76015.28 |
| નિફ્ટી | -360.30 | 23815.85 |
| બેન્ક નિફ્ટી | -870.65 | 54439.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝયુમર | 8.06 | 1271.00 |
| મેક્સ હેલ્થકેર | 2.51 | 1037.95 |
| કોલ ઇન્ડિયા | 1.76 | 464.45 |
| સન ફાર્મા | 1.34 | 1872.70 |
| એચયુએલ | 0.85 | 2307.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 6.73 | 4205.60 |
| ઇન્ટરગ્લોબ | 4.94 | 4299.40 |
| એસબીઆઇ | 4.48 | 973.60 |
| ઇટર્નલ | 4.10 | 245.87 |
| ભારતી એરટેલ | 4.07 | 1759.80 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 1.36 | 1872.40 |
| એચયુએલ | 0.85 | 2307.30 |
| અદાણી પોર્ટસ | 0.36 | 1766.60 |
| કોટક બેન્ક | 0.14 | 281.30 |
| એક્સીસ બેન્ક | 0.13 | 1271.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 6.83 | 4205.35 |
| ઇન્ટરગ્લોબ | 4.69 | 4310.00 |
| એસબીઆઇ | 4.52 | 973.50 |
| ભારતી એરટેલ | 4.18 | 1758.15 |
| ઇટર્નલ | 4.08 | 245.90 |

# સોના-ચાંદી આયાત ડયુટી વધારવાની સરકારની કોઇ યોજના નથી

**સોનાની** એક વર્ષ સુધી ખરીદી નહીં કરવાની મોદીની અપીલ બાદ આયાત ડયુટી વધારવાની અટકળો શરૂ થઇ હતી

નવી દિલ્હી, તા. 11: પ્રધાનમંત્રી રનેન્દ્ર મોદીએ વિદેશ યાત્રા તથા એક વર્ષ માટે સોનાની ખરીદી નહીં કરવાની અપીલ કર્યા બાદ એવી અટકળો શરૂ થઈ કે સરકાર સોનાની આયાત પર ડયુટી વધારી શકે છે, પરંતુ હવે પરિસ્થિતિ કંઈક અશે સ્પષ્ટ થઈ ચુકી છે અને સરકારી સુત્રોએ જણાવ્યું હતું કે, સોના અને ચાંદી પર આયાત ડયુટી વધારવાની કોઈ યોજના નથી.

મડીલ ઈસ્ટના સંકટ વચ્ચે વિદેશી હુંડીયામણ બચાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સોનાની ખરીદી અને વિદેશી મુસાફરી એક વર્ષ માટે મુલતવી રાખવાની અપીલ કર્યા બાદ આયાત ડયુટીમાં વધારાની અટકળો શરૂ થઈ હતી.

હૈદરાબાદમાં તેલંગાણા ભાજપ દ્વારા આયોજિત એક રેલીને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની ખરાબ અસરોથી લોકોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. તે જ સમયે, તેમણે નાગરિકોને અર્થતંત્રને મજબૂત કરવા માટે બળતણનો ઉચિત ઉપયોગ, સોનાની ખરીદી અને વિદેશી મુસાફરી મુલતી રાખવા જેવા સંખ્યાબંધ પગલાં અમલમાં પણ અપીલ કરી હતી.

પ્રધાનમંત્રીએ ખેડૂતોને ડિજલથી ચાલતા પંપને બદલે સૌર ઉર્જાના વિકલ્પો અપનાવવા, રાસાષ્યણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડવા, ઘરોમાં રસોઇ તેલનો ઉપયોગ ઘટાડવા, ઘરેથી કામ કરવા અપીલ કરી હતી.

## મોદીની અપીલ બાદ ટ્રાવેલ્સ-હોસ્પિટાલિટી તથા જવેલરી શેરોમાં કડાકો બોલાયો

**મુંબઇ, તા. 11:** સોનાને લઇને પીએમ મોદીની અપીલ બાદ જવેલરી સ્ટોકમાં ભારે વેચાણનું દબાણ હતું. કલ્યાણ જવેલર્સના શેરમાં 9 ટકાનો ઘટાડો થયો છે. સેન્કો ગોલ્ડ 8 ટકા તૂટયો હતો. ટાઇટન કંપનીના શેરમાં 7 ટકા, ત્રિભુવનદાસ ભીમજીદાસ ઝવેરી 7.5 ટકા, સ્કાય ગોલ્ડ એન્ડ ડાયમંડસ અને બ્લુસ્ટોન જવેલરીના શેરમાં 6-6 ટકા અને પીસી જવેલર્સના શેરમાં 5 ટકાનો ઘટાડો થયો હતો. આ ઉપરાંત, પીએમ મોદીએ વિદેશી યાત્રા ટાળવા અને વર્ક ફ્રોમ હોમ માટેની અપીલ કરી છે, જેથી પેટ્રોલ-ડિઝલના વપરાશમાં નિયંત્રણ આવી શકે. જેના લીધે હોસ્પિટાલિટી કંપની, ટ્રાવેલ, ટુરિઝમના શેરોમાં પણ દબાણ જોવા મળ્યું હતું. જેમાં યાત્રા ઓનલાઇન પાંચ ટકા, થોમસ કુક 4 ટકા, ઇઝી ટ્રીપ પ્લાન્ર 3 ટકા, ટ્રાવેન્યુ ટેકનો 2 ટકાથી વધુ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હોસ્પિટાલિટી સેકટરમાં આઇટીસી, ઇન્ડિયન હોટલ્સ, લેમન ટ્રી હોટલ્સ, આઇઆરસીટીસીમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારે હૈદરાબાદમાં એક જનસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ નાગરિકોને એવી જીવનશૈલી અપનાવવા વિનંતી કરી હતી જે તેમને રાષ્ટ્રીય સ્તરે જવાબદાર અનુભવે છે. આમ કરીને, દેશના નાગરિકો વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતા અને પુરવઠાના અવરોધોનો સામનો કરવામાં ભારતને મદદ કરી શકે છે. તેમણે કહ્યું કે, આપણે પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવો પડશે. જે શહેરોમાં મેટ્રો લાઇન છે, ત્યાં આપણે મેટ્રોમાં મુસાફરી કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જો આપણે કારનો ઉપયોગ કરવો હોય, તો આપણે 'કાર પૂલ' કરવાનો પ્રયાસ કરવો જોઇએ. મોદીએ વર્ક ફ્રોમ હોમ પદ્ધતિઓ ફરીથી શરૂ કરવાનું સૂચન પણ કર્યું હતું.

# ક્રૂડ, સોનું, વનસ્પતિ તેલ, ખાતરની કુલ 240.7 બિલિયન ડોલરની આયાત

**વિદેશી** હૂંડિયામણ પરનું દબાણ વધતા વડાપ્રધાનનું વપરાશ ઘટાડવા સૂચન

મુંબઈ, તા. 11 : દેશમાંથી વર્ષ 2026માં ક્રૂડ, સોનું, વનસ્પતિ તેલ, ખાતરોની કુલ $240.7 બિલિયન આયાત કરાતા તેની વિપરીત અસર આપણા વિદેશી હૂંડિયામણ પર થઈ રહી છે. હાલમાં કરંટ એકાઉન્ટ ડેફિસિટ વધી છે, ડોલર સામે રૂપિયો સતત નબળો પડી રહ્યો છે અને ક્રૂડના પણ ભાવ વધતા આયાત બિલ વધી રહ્યું છે, ત્યારે તેની અસર વિદેશી હૂંડિયામણ થઈ રહી છે. વડાપ્રધાને રૂપિયાને નબળો પડતા અટકાવવા અને આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવા માટે વધુ સમજદારીપૂર્વક ઉપયોગ કરવા વિનંતી કરી છે.

દેશમાં લગભગ દર સાલ 700 થી 800 ટન સોનું આયાત કરાય છે. આ વર્ષે જાન્યુઆરીમાં પણ 100 ટન આયાત થયું હતું. ફેબ્રુઆરીમાં 66 ટન સોનાની આયાત કરાઈ હતી. સોના અને ચાંદીની આયાતથી તેની સીધી અસર કરંટ એકાઉન્ટ ડેફિસિટ પર થાય છે.

વડાપ્રધાન મોદીએ આથી આ ચાર કોમોડિટીનો વપરાશ સીમિત કરવા જણાવ્યું છે. કેમકે તેનો હિસ્સો નાણાકીય વર્ષ 2026માં આયાત બિલમાં 240 બિલિયન ડોલરથી વધુ રહ્યો છે.

સૌથી વધુ જેની આયાત થઈ રહી છે તે ક્રૂડ પેટ્રોલિયમની આયાત $134.7 બિલિયન હતી. G- 7 દેશોમાં રહેલો ક્રૂડનો જથ્થો હવે તળિયે પહોંચી ગયો છે. હાલમાં ક્રૂડનો ભાવ 105 થી 110 ડોલર પ્રતિ બેરલ ચાલી રહ્યો છે જેમાં જો યુદ્ધ લંબાય તો ચોક્કસ વધારો થાય તેમ છે.

સોનાની આયાત $72 બિલિયન થઈ છે જ્યારે વનસ્પતિ તેલની આયાત $19.5 બિલિયન અને ખાતરની આયાત $14.5 બિલિયન થઈ ગઈ છે.

PM મોદીએ ઈંધણ, સોનું અને ખાદ્ય તેલના સમજદારીપૂર્વક ઉપયોગની વિનંતી કરી છે. લોકોને તેમના ઘરેથી કામ કરવા તેમજ ઓફિસે જવા મેટ્રો અથવા કાર પુલ કરવા પણ વિનંતી કરી હતી તેમજ વિદેશ પ્રવાસ ટાળવા પણ જણાવ્યું છે.

ભારતે 2025-26 માં $240.7 બિલિયન મૂલ્યનું ક્રૂડ તેલ, સોનું, વનસ્પતિ તેલ અને ખાતરોની આયાત કરી હતી, જે દેશના કુલ $775 બિલિયન આયાત બિલના 31.1% જેટલી છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફલાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૬૫૩૦ |
| તેજાબી સોનું | ૧૫૬૪૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૮૭૦૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૪૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૬૫૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૫૬૫૦ |
| ચાંદી સિક્કા | ૨૭૭૧૫૦ |

# ઈલેક્ટ્રિક વાહનો અપનાવવાની વડાપ્રધાનની અપીલ બાદ EVના શેરોમાં રેલી

મુંબઈ, તા. 11 : આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને ઈંધણનો વપરાશ ઘટાડવા અને ઈલેક્ટ્રિક વાહનો અપનાવવા અને ઘરેથી કામ કરવા અપીલ કરતા EV અને ગ્રીન મોબિલિટી શેરો Ather Energy, Ola Electric, JBM Auto ના શેરમાં 8% સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પશ્ચિમ એશિયાના સંકટને કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા દબાણમાં વધારો થવાના કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઇંધણનો વપરાશ ઘટાડવા અને ઈલેક્ટ્રિક વાહનોને ઝડપથી અપનાવવાની હાકલ કર્યા પછી સોમવારે ઈલેક્ટ્રિક વાહન અને ગ્રીન મોબિલિટી શેરમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો. જેમાં, એથર એનર્જી એક તબક્કે ટ્રેડ દરમ્યાન 8.1% વધીને રૂ. 989.4 પર પહોંચ્યાં હતો. જે ત્યારબાદ રૂ. 47.95 એટલે કે, 5.24 ટકા વધી રૂ. 963 પર બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે JBM Auto શેર રૂ. 34 એટલે કે 5.25 ટકા વધીને રૂ. 684 થયો હતો જે સેશનના અંતે 4.45% વધીને રૂ. 678.85 પર બંધ રહ્યો હતો. ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી 3.02% વધીને રૂ. 37.17 પર પહોંચ્યો હતો જે સેશનના અંતે 2.55 ટકા વધીને રૂ. 37 પર બંધ રહ્યો હતો. ઓલેક્ટ્રા ગ્રીનટેક 2.89% વધીને રૂ. 1,379.40 પર પહોંચ્યો હતો જે અંતે 2.33 ટકા એટલે કે, રૂ. 31 વધીને રૂ. 1372 પર બંધ રહ્યો હતો.

# નિર્ધારિત કમાણીવાળા ગ્રાહકોને એલપીજી સબસિડીનો લાભ નહીં મળે?

**10** લાખ રૂપિયાથી વધુ કરપાત્ર આવક ધરાવતા લોકોની એલપીજી સબસીડી બંધ કરાશે

નવી દિલ્હી, તા. 11: ઘરેલું ગેસ સીલીન્ડરની સબસીડી પર સરકારે ખૂબ જ કડક વલણ અપનાવાયું છે. હવે એવા ગ્રાહકોની અલેપીજી સબસીડી બંધ કરવાની યોજના છે. જેમની કમાણી નિર્ધારિત મર્યાદાથી વધુ છે. આ અંતર્ઘત ઘણા ગ્હકોને એસએમએસ મોકલવામાં આવી રહ્યા છે. આમાં તેમને તેમની માહિતી અપડેટ કરવા અને આવક સંબંધિત વિગતો આપવા માટે કહેવામાં આવી રહ્યું છે. સરકારનું કહેવું છે કે સબસીડી ફક્ત તે લોકોને જ આપવી જોઈએ જે ખરેખ તેના માટે પાત્ર છે. આ કારણોસર હવે નકલી અથવા બિનપાત્ર લોકોની ઓળક કરવાની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી છે.

સીએ હિમાંક સિંગલાએ સરકારી કંપની ઈન્ડિયન ઓઈલના મેસેજનો સ્ક્રીનશોટ સોશ્યલ મીડિયા પર શેર કર્યો છે. તે 10 લાખથી વધુ કરપાત્ર આવક ધરાવતા લોકોની એલપીજી સબસીડી બંધ કરવાની વાત કરે છે. સિંગલાએ પોતાની પોસ્ટમાં લખ્યું કે, સરકારે હવે આવકવેરા રેકોર્ડના આધારે એલપીજી સબસીડીની પાત્રતા અંગે લોકોને એસએમએસ મોકલવાનું શરૂ કર્યુ છે. ગ્રાહકો અથવા તેમના પરિવારના કોઈપણ સભ્ય કે જેમની કુલ કરપાત્ર આવક રૂ. 10 લાખથી વધુ છે, તેમને 7 દિવસની અંદર જવાબ આપવા અથવા માહિતી અપડેટ કરવા કહેવામાં આવી રહ્યું છે. આમાં નિષ્ફળ જનારાની એલપીજી સબસીડી બંધ કરવા તરફ દોરી જશે, જેની કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

જોકે, ભૂતકાળમાં સરકારે આવી સ્પષ્ટતા કરી ચુકી છે, કે જેની 10 લાખ રૂપિયાથી વધુ વાર્ષિક આવક હશે તેને પહલ યોજના હેઠળ એલપીજી સબસીડી મેળવવા માટે પાત્ર નથી, પરંતુ હવે નવો સંદેશ સ્પષ્ટ કરી રહ્યો છે કે સરકાર પહેલા કરતા વધઉ કડક રીતે તપાસનો અમલ કરવા જઈ રહી છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

# ચીન ઈરાન યુદ્ધનો લાભ લઈને તાઈવાન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે?



યુદ્ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની બેઠક પહેલાં તાઈવાન ટાપુની આસપાસ ચીની લશ્કરી ગતિવિધિઓમાં અચાનક વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં તાઈવાનની આજુબાજુ પીપલ્સ લિબરેશન આર્મીનાં અનેક વિમાનો અને યુદ્ધ જહાજો ફરી રહ્યાં છે, જેનાથી આ ક્ષેત્રમાં ભૂ-રાજકીય તણાવ ફરીથી શરૂ થયો છે. તાઇવાનના સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી આપતાં કહ્યું હતું કે સોમવારે સ્થાનિક સમય મુજબ સવારે ૬ વાગ્યા સુધીમાં સાત ચીની લશ્કરી વિમાનો, પાંચ નૌકાદળનાં જહાજો અને એક સત્તાવાર સરકારી જહાજ તાઇવાનની આસપાસ ઉડાન ભરતા જોવા મળ્યાં હતાં. સાતમાંથી પાંચ વિમાનો બે પ્રદેશો વચ્ચેની બિનસત્તાવાર સરહદ પાર કરીને તાઇવાનના ઉત્તરીય અને દક્ષિણ-પશ્ચિમ હવાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રવેશ્યાં હતાં. તાઇવાનની સેનાએ કહ્યું હતું કે તે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને સુરક્ષા પ્રોટોકોલ હેઠળ યોગ્ય પ્રતિક્રિયા આપી રહી છે.

ચીનનો તાઇવાન પરનો દાવો એક ખૂબ જ જટિલ મુદ્દો છે, જે ઐતિહાસિક, રાજકીય અને કાનૂની મૂળ ધરાવે છે. ચીનનો સત્તાવાર અભિપ્રાય એ છે કે તાઇવાન ચીનનો અવિભાજ્ય ભાગ છે. આ દૃષ્ટિકોણ ચીનની રાષ્ટ્રીય નીતિનો પાયાનો પથ્થર છે અને સ્થાનિક કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય નિવેદનો દ્વારા તેનો મજબૂત રીતે બચાવ કરવામાં આવે છે. બીજી બાજુ તાઇવાન એક સ્વતંત્ર ઓળખ જાળવી રાખે છે. તેની પોતાની ચૂંટાયેલી સરકાર, સ્વતંત્ર સૈન્ય અને મજબૂત અર્થતંત્ર છે, જે એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે કાર્યરત છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તાઇવાનની સ્થિતિ તેના સાર્વભૌમત્વ, સ્વ-નિર્ણયનો અધિકાર અને બિન-હસ્તક્ષેપના સિદ્ધાંતોની કસોટી કરી રહી છે. ચીનનો તાઇવાન પરનો દાવો ૧૬૮૩ થી શરૂ થાય છે, જ્યારે કિંગ રાજવંશે ટાપુને પોતાના કબજામાં લઈ લીધો હતો. ૧૮૯૫ માં પ્રથમ ચીન-જાપાની યુદ્ધ બાદ ચીનને આ ટાપુ જાપાનને સોંપવાની ફરજ પડી હતી. ત્યારબાદ તાઇવાન ૫૦ વર્ષ સુધી જાપાની વસાહત બની ગયું હતું.

બીજાં વિશ્વયુદ્ધમાં જાપાનની હાર પછી તાઇવાન ચીનના નિયંત્રણમાં પાછું આવ્યું, પરંતુ તાઇવાનના સાર્વભૌમત્વનું ઔપચારિક હસ્તાંતરણ ક્યારેય કાયદેસર બન્યું નથી. આ વિવાદે ૧૯૪૯માં તેનું આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું, જ્યારે ચીની ગૃહયુદ્ધના પરિણામે ચીનની મુખ્ય ભૂમિ પર પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાની સ્થાપના થઈ. ગૃહયુદ્ધમાં હાર બાદ ચીનની રાષ્ટ્રવાદી પ્રજાસત્તાક ચીન સરકાર તાઇવાન ભાગી ગઈ અને તેણે ત્યાંથી સમગ્ર ચીન પર પોતાનો દાવો કર્યો. હવે ચીન પણ તાઈવાન પર દાવો કરી રહ્યું છે. ત્યારથી આ પ્રદેશ બેવડા સાર્વભૌમત્વના દાવાઓ વચ્ચે ફસાયેલો છે. તાઇવાન હાલમાં એક વાસ્તવિક સ્વતંત્ર રાજ્ય તરીકે કાર્ય કરે છે, પરંતુ ચીન સાથે સીધા લશ્કરી સંઘર્ષને ટાળવા માટે તેણે હજુ સુધી ઔપચારિક સ્વતંત્રતા જાહેર કરી નથી.

લગભગ નવ વર્ષ પછી કોઈ અમેરિકી રાષ્ટ્રપતિ ચીનની સત્તાવાર મુલાકાતે જઈ રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે સોમવારે જાહેરાત કરી હતી કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ થી ૧૫ મે દરમિયાન ચીનની મુલાકાત લેશે. આ મુલાકાત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આમંત્રણ પર થઈ રહી છે. આ મુલાકાત એવા સમયે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જ્યારે અમેરિકા, ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રેટમાં કટોકટી અને વૈશ્વિક ઉર્જા પુરવઠા અંગે વિશ્વભરમાં ચિંતા વધી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ-શી જિનપિંગ વચ્ચેની વાટાઘાટોમાં તાઇવાનનો મુદ્દો પણ કેન્દ્રસ્થાને રહેવાની અપેક્ષા છે. ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પહેલાં વરિષ્ઠ અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે તાઇવાન અંગે અમેરિકાની નીતિ યથાવત છે. અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે તેના કાર્યકાળના પહેલા વર્ષમાં તાઇવાનને અગાઉના વહીવટીતંત્રે તેના સમગ્ર ચાર વર્ષમાં કરેલા શસ્ત્રોના વેચાણ કરતાં વધુ શસ્ત્રોના વેચાણને મંજૂરી આપી હતી. આ હેવાલો સ્પષ્ટપણે દર્શાવે છે કે ચીનનાં દબાણ છતાં અમેરિકા તાઇવાન પ્રત્યેના પોતાના સમર્થનના વલણમાં ફેરફાર કરવા તૈયાર નથી. અમેરિકાના સંરક્ષણ આયોજકો લાંબા સમયથી ચીન-તાઇવાન સંઘર્ષની શક્યતાને અમેરિકા સામેના સૌથી પડકારજનક લશ્કરી દૃશ્યોમાંનું એક માને છે. પેન્ટાગોનના તાજેતરના મૂલ્યાંકન મુજબ ચીન પાસે ઝડપથી વિસ્તરતું સૈન્ય છે, જેમાં નૌકાદળ, મિસાઇલ સિસ્ટમ, ડ્રોન અને ૬૦૦ થી વધુ પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થાય છે. તાઇવાન પરના કોઈ પણ યુદ્ધ માટે મોટી સંખ્યામાં લાંબા અંતરની મિસાઇલો, નૌકાદળના ઇન્ટરસેપ્ટર અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓની જરૂર પડશે. ઇરાન સામે હાલમાં ઉપયોગમાં લેવાતાં ઘણાં શસ્ત્રો પણ મહત્ત્વપૂર્ણ બની રહેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે પ્રસ્તાવિત બેઠક પહેલાં અમેરિકાએ તાઇવાન પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વરિષ્ઠ અમેરિકન અધિકારીઓએ જણાવ્યું છે કે તાઇવાન મુદ્દા પર અમેરિકાની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી અને ભવિષ્યમાં પણ આવા કોઈ ફેરફારની સંભાવના નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તાઇવાન દ્વારા ગયાં અઠવાડિયે વધારાનું સંરક્ષણ બજેટ પસાર કરવામાં આવ્યું હતું, પરંતુ તેમાં કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો, જેનાથી અમેરિકા નિરાશ છે. અમેરિકન અધિકારીઓના મતે તાઇવાનની સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મૂળ સંરક્ષણ પેકેજના બાકીના ભાગને પણ મંજૂરી આપવી જોઈએ. તાઇવાને અમેરિકી શસ્ત્રો ખરીદવા માટે એક વધારાનું બજેટ બિલ પસાર કર્યું છે. આ યોજનાનો ખર્ચ ૭૮૦ અબજ તાઇવાન ડોલર અથવા આશરે ૨૪.૮ અબજ અમેરિકન ડોલર સુધી થઈ શકે છે. અમેરિકામાં ડેમોક્રેટિક અને રિપબ્લિકન કાયદા નિર્માતાઓએ તાઇવાન સામે ચીનના વધતાં જોખમો પર ચિંતા વ્યક્ત કરતો ઠરાવ રજૂ કર્યો છે. આ ઠરાવ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચેના શિખર સંમેલન પહેલાં આવ્યો છે.

નિષ્ણાતો માને છે કે ચીન હવે તાઇવાન પર દબાણ લાવવા માટે ગ્રે ઝોન યુક્તિઓનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે; એટલે કે સીધી દુશ્મનાવટ વિના સતત લશ્કરી હાજરી જાળવી રાખવી. આ વખતે હવાઈ પ્રવૃત્તિનો અભાવ અને ફક્ત નૌકાદળના જહાજોની હાજરી આ વ્યૂહરચનાનો ભાગ હોવાનું માનવામાં આવે છે. આનાથી ચીન ખુલ્લા મુકાબલા વિના તેની તાકાતનું પ્રદર્શન કરી શકે છે અને તાઇવાનને સતર્ક રહેવાની ફરજ પડે છે. તાઇવાનની સેનાએ જણાવ્યું હતું કે તેણે પરિસ્થિતિ પર નજર રાખી હતી અને જરૂરી બદલો લેવાની કાર્યવાહી કરી હતી. સતત બે દિવસથી ચીનની નૌકાદળની વધતી પ્રવૃત્તિ એ સ્પષ્ટ સંકેત છે કે બેઇજિંગ તેની દબાણની નીતિ ચાલુ રાખી રહ્યું છે. આ પ્રવૃત્તિઓ હાલમાં ઓછી-તીવ્રતા ધરાવે છે, પણ જો ચીનની આ પેટર્ન ચાલુ રહે તો ભવિષ્યમાં મોટી લશ્કરી કવાયતો અથવા વધુ આક્રમક કાર્યવાહીની અપેક્ષા રાખી શકાય છે.

ઈરાન સાથે અમેરિકા અને ઈઝરાયલના યુદ્ધે વ્યૂહાત્મક વિશ્લેષકોમાં એક નવી ચર્ચા જગાવી છે કે જ્યારે અમેરિકન સૈન્ય મધ્ય પૂર્વ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે ત્યારે શું ચીન તાઈવાન પર હુમલો કરવાની તક ઝડપી શકે છે? ચીને ૧૯૫૦ના દાયકામાં આવું પગલું ભર્યું હતું, જ્યારે અમેરિકા મધ્ય પૂર્વમાં લશ્કરી કાર્યવાહીમાં રોકાયેલું હતું, પરંતુ આ વખતે પરિસ્થિતિ અલગ દેખાય છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછી તાઇવાનની આસપાસ ચીનની લશ્કરી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. નિષ્ણાતોના મતે આ પગલું ચીન તરફથી રાજદ્વારી સંકેત હોઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની પ્રસ્તાવિત બેઠક પહેલાં અમેરિકાએ તાઇવાન પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે**


**ગુજરાતમિત્ર ટચૂકડી** 31-05-2022 થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹9 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**(સાગર- 9427113317)**
અધિકમાં હરિદ્વાર, મથૂરા, વૃંદાવન, સ્લીપરમાં સ્પે પંચમઢી, ઉજ્જૈન, ઓમકારેશ્વર,

**ૐશિવ ટ્રાવેલ્સ**
અધિકમાં, 3- જૂન, હરિદ્વાર, ઋષિકેશ, ખાટુંશ્યામ, સાલાસર બાલાજી, સાવરિયા શેઠ. 19- મે, કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા , 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશોરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**નોકરી વિષયક**

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3, ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

**જોઈએ છે**
છોકરીઓ માટે P.G. માં રહેવા માટે દલાલ ભાઈઓ જોઈએ છે. મળો: ૯૮૨૫૦૫૫૨૪૯ (87)

**અઠવાલાઈન્સ**
સર્જન સોસાયટીમાં સવારે 2 વ્યક્તિની રસોઈ, કરે અને પરચુરણ કામ કરે તેવા બહેન જોઈએ છે. અર્પિતાબેન 9714664047

**જહાંગીરાબાદમાં**
Dental Clinic માટે Female આસીસ્ટન્ટ જોઈએ છે. સંપર્ક- 9601365142

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**મિલ્કત ભાડેથી**

**ભાડે આપવાનું છે**
(1) ફ્લેટ 804, શુભમ- 2 સરગમ શોપિંગ સેન્ટર પાછળ 2000 Sq.Ft., (2) બંગલો ફૂલ્લી ફર્નિશ્ડ 4 BHK 10, સારથી બંગલો, રાજહંસ સિનેમા પાછળ, પિપલોદ (3) સેમી ફર્નિશ્ડ ઓફિસ 504/ સી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, રિંગરોડ સુરત. મળો 9925039398 (83)

**લગ્ન વિષયક**

**અમેરિકા રહેતા**
38 વર્ષના એજ્યુકેટેડ જૈન યુવક માટે એજ્યુકેટેડ યુવતી આવકાર્ય 9512318416

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.